# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18-03-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિકીતા શાહ** વાંચે છે.

*******************************************************

1) **આતંકવાદી, અલગતાવાદી અને કટ્ટરપંથી તત્વો સામે સહયોગ જાળવી રાખવા ભારત અને ન્યુઝિલેન્ડ સંમત.**
2) **મહારાષ્ટ્રના નાગપુરના મહલમાં તણાવપૂર્ણ સ્થિતિને નિયંત્રણમાં લેવા માટે મુખ્યમંત્રી દેવન્દ્ર ફડણવીસનો પોલીસને આદેશ.**
3) **યુક્રેન અને રશિયાનું યુધ્ધ અટકાવવાના આશય સાથે આજે ટ્રમ્પ અને પુતીન વચ્ચે વાટાઘાટો થશે.**
4) **આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર નવ મહિનાથી વધુ સમયથી અટવાયેલા અવકાશયાત્રીઓ સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોર આજે રાત્રે પૃથ્વી પર પરત ફરશે.**
5) **આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિએ 2028ના લોસ એન્જલસ ઓલિમ્પિક રમતોમાં બોક્સિંગનો ફરીથી સમાવેશ કરવાની મંજૂરી આપી.**

*************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# MORN. NEW ZEALAND PM VISIT - 1

ભારત અને ન્યુઝીલેન્ડે સંરક્ષણ, શિક્ષણ, રમતગમત, બાગાયત અને વનીકરણ ક્ષેત્રે પાંચ કરારો પર હસ્તાક્ષર કર્યા છે. બંને પક્ષોએ અધિકૃત આર્થિક સંચાલક પરસ્પર માન્યતા કરારનો પણ વિનિમય કર્યો હતો. બે દેશોએ મુક્ત વેપાર કરાર પર વાટાઘાટો શરૂ કરવાની અને વ્યાવસાયિકો અને કુશળ કામદારોની ગતિશીલતાને સરળ બનાવતી વ્યવસ્થા પર વાટાઘાટોની જાહેરાત કરી હતી . ન્યુઝીલેન્ડ પ્રશાંત મહાસાગરોની પહેલમાં જોડાયું છે અને આપત્તિ નિયંત્રણ માળખા માટે ગઠબંધનનું સભ્ય બન્યું છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે નવી દિલ્હીમાં તેમના ન્યુઝીલેન્ડના સમકક્ષ ક્રિસ્ટોફર લક્સન સાથે વાતચીત કરી હતી. આ ચર્ચામાં ભારત-ન્યુઝીલેન્ડ સંબંધોના વિવિધ પાસાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. શ્રી મોદીએ પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે, તેમણે દ્વિપક્ષીય સંબંધોના વિવિધ પાસાઓ પર વિગતવાર ચર્ચા કરી હતી અને બંને પક્ષોએ સંરક્ષણ અને સુરક્ષા ભાગીદારીને મજબૂત અને સંસ્થાકીય બનાવવાનો નિર્ણય લીધો હતો. તેમણે કહ્યું કે, સંયુક્ત કવાયતો, તાલીમ અને બંદર મુલાકાતો સાથે, સંરક્ષણ ઉદ્યોગમાં પરસ્પર સહયોગ માટે એક રોડમેપ તૈયાર કરવામાં આવશે.

શ્રી.મોદીએ કહ્યું કે ભારત અને ન્યુઝીલેન્ડ આતંકવાદી, અલગતાવાદી અને કટ્ટરપંથી તત્વો સામે સહયોગ જાળવી રાખશે. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું

કે ભારત વિસ્તરણવાદ નહીં, પરંતુ વિકાસની નીતિમાં માને છે. તેમના નિવેદનમાં, શ્રી. લક્સને કહ્યું કે બંને પક્ષો પરસ્પર ફાયદાકારક મુક્ત વેપાર કરાર પ્રાપ્ત કરવા આતુર છે. તેમણે કહ્યું કે ન્યુઝીલેન્ડ ભારતમાં તેની રાજદ્વારી હાજરી વધારશે.

ન્યુઝીલેન્ડના પ્રધાનમંત્રી અને તેમનું પ્રતિનિધિમંડળ, રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને પણ મળ્યા.

ગઈકાલે સાંજે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી મોદી અને શ્રી લક્સને સંયુક્ત રીતે રાયસીના સંવાદના 10મા સંસ્કરણનું ઉદ્ઘાટન કર્યું. શ્રી લક્સને પોતાના મુખ્ય ભાષણમાં કહ્યું કે, ભારત અને ન્યુઝીલેન્ડ ભાગ્યશાળી છે કે તેઓ વિશ્વના સૌથી આર્થિક રીતે ગતિશીલ ક્ષેત્રનો ભાગ છે.

---

## MORN. MAHA-NAGPUR VIOLENCE

મહારાષ્ટ્રમાં, મધ્ય નાગપુરના મહલ વિસ્તારમાં ગઈકાલે સાંજે બે જૂથો વચ્ચે તણાવ સર્જાયો હતો. ધાર્મિક પ્રતિકોની તોડફોડની અફવાઓ ફેલાયા બાદ બંને જૂથો વચ્ચે સાંપ્રદાયિક તણાવ સર્જાયો હતો, જેના પરિણામે કેટલાક અસામાજિક ટોળા દ્વારા પથ્થરમારો અને વાહનોને સળગાવવામાં આવ્યા હતા.

રમખાણોને કાબૂમાં લેવા માટે તૈનાત પોલીસ દળોએ ચિટનીસ પાર્ક અને મહલ વિસ્તારોમાં ટોળાને વિખેરવા માટે ટીયર ગેસના શેલ અને લાઠીચાર્જનો ઉપયોગ કર્યો હતો. સાયબર ટીમોએ સીસીટીવી ફૂટેજ તપાસ્યા હતા અને પોલીસે હિંસા

અથડામણમાં સામેલ 15 જેટલા અસામાજિક તત્વોની ધરપકડ કરવા માટે કોમ્બિંગ ઓપરેશન પણ કર્યું હતું.

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે લોકોને અફવાઓ પર વિશ્વાસ ન કરવા અને શાંતિ અને સુમેળ જાળવવા અપીલ કરી છે.

**(બાઈટ – દેવેન્દ્ર ફડણવીસ, મહારાષ્ટ્ર મુખ્યમંત્રી)**

અન્ય વિસ્તારમાં પણ હિંસા ફેલાતા નાગપુરના પોલીસ કમિશનર ડૉ. રવિન્દર સિંઘલે કાયદો અને વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવા માટે નાગપુરના મહલ વિસ્તારમાં કલમ 163 લાગુ કરી છે. પરિસ્થિતિને નિયંત્રણમાં રાખવા માટે વધારાના પોલીસ કર્મચારીઓ અને SPRFની એક ટીમ પણ તૈનાત કરવામાં આવી છે.

---

## INDIA- AUSTRALIA

ભારત-ઓસ્ટ્રેલિયા સંરક્ષણ નીતિ અંગેની વાટાઘાટોની નવમી આવૃત્તિ નવી દિલ્હીમાં યોજાઈ હતી. આ બેઠક દરમિયાન, બંને પક્ષોએ પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કર્યું. ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ સંયુક્ત સચિવ અમિતાભ પ્રસાદે કર્યું હતું, જ્યારે ઓસ્ટ્રેલિયન પક્ષનું નેતૃત્વ ઓસ્ટ્રેલિયાના સંરક્ષણ વિભાગના પ્રથમ સહાયક સચિવ આંતરરાષ્ટ્રીય નીતિ વિભાગ બર્નાર્ડ ફિલિપે કર્યું હતું.

સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, બેઠક દરમિયાન, બંને પક્ષોએ દ્વિપક્ષીય સંરક્ષણ સહયોગમાં સતત પ્રગતિનું સ્વાગત કર્યું હતું, આ બેઠકમાં ભારત અને ઓસ્ટ્રેલિયા શાંતિપૂર્ણ, સ્થિર અને સમૃદ્ધ ઈન્ડો-પેસિફિક ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે સાથે મળીને કામ કરવા માટે પ્રતિબદ્ધ હોવાનો સૂર વ્યક્ત થયો હતો.

---

## PUTIN_TRUMP TALKS

રશિયાએ પુષ્ટિ કરી  છે કે રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આજે યુક્રેન સંઘર્ષને સમાપ્ત કરવા માટે વાટાઘાટો કરશે. ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે જણાવ્યું હતું કે બંને નેતાઓ વચ્ચે વાટાઘાટો માટે તૈયારીઓ ચાલી રહી છે. રવિવારે, રાષ્ટ્રપતિ ટ્રમ્પે યુક્રેનમાં યુદ્ધને સમાપ્ત કરવાના તેમના પ્રયાસોના ભાગ રૂપે, તેમના રશિયન સમકક્ષ સાથે ચર્ચા કરવાની તૈયારી દર્શાવી હતી. તેમણે ઉલ્લેખ કર્યો કે વાતચીતમાં જમીન અને પાવર પ્લાન્ટ મુખ્ય વિષયો હશે.

---

## SUNITA WILLIUMS

આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર નવ મહિનાથી વધુ સમયથી અટવાયેલા બે અમેરિકી અવકાશયાત્રીઓ આજે રાત્રે પૃથ્વી પર પરત ફરશે. એક નિવેદનમાં, નાસાએ જણાવ્યું હતું કે, સુનિતા વિલિયમ્સ અને બુચ

વિલ્મોરને સ્પેસએક્સ ક્રૂ ડ્રેગન યાનમાં અન્ય એક અમેરિકન અવકાશયાત્રી અને એક રશિયન અવકાશયાત્રી સાથે ઘરે લવાશે. બોઇંગ સ્ટારલાઇનર અવકાશયાન જેનું તેઓ પ્રથમ ક્રૂ સફર પર પરીક્ષણ કરી રહ્યા હતા તેમાં પ્રોપલ્શન સમસ્યાઓ આવી જતાં બંને અવકાશયાત્રીઓ જૂનથી ISS પર ફસાયેલા હતા.

---

# IOC

આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિએ 2028ના લોસ એન્જલસ ઓલિમ્પિક રમતોમાં બોક્સિંગનો ફરીથી સમાવેશ કરવાની મંજૂરી આપી છે

ગયા મહિને IOC દ્વારા વર્લ્ડ બોક્સિંગને કામચલાઉ માન્યતા આપવામાં આવ્યા બાદ, ઇન્ટરનેશનલ બોક્સિંગ એસોસિએશન પાસેથી સત્તા લઈ નવી ગવર્નિંગ બોડીને સત્તા હસ્તાંતરણ કર્યા પછી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

આ નિર્ણયનું સ્વાગત કરતા, વર્લ્ડ બોક્સિંગના પ્રમુખ બોરિસ વાન ડેર વોર્સ્ટે કહ્યું કે આ ઓલિમ્પિક બોક્સિંગ માટે ખૂબ જ મહત્વપૂર્ણ નિર્ણય છે અને તેનાથી ઓલિમ્પિક રમતોમાં બોક્સિંગને પુનઃસ્થાપિત કરવા માટે વેગ મળ્યો છે.

---

## WPI INFLATION DATA

ગયા મહિને ફુગાવો સામાન્ય વધારા સાથે 2.38 ટકા થયો છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા આજે જાહેર કરાયેલા આંકડા મુજબ ફેબ્રુઆરીમાં ફુગાવાનો વધારો મુખ્યત્વે વનસ્પતિ તેલ અને પીણાં જેવી ઉત્પાદિત ખાદ્ય ચીજોના ભાવ વધારાને કારણે છે. આ વર્ષે જાન્યુઆરીમાં જથ્થાબંધ ભાવ સૂચકાંક 2.31 ટકા હતો.

માહિતી મુજબ, ફેબ્રુઆરીમાં શાકભાજીના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો. ફેબ્રુઆરીમાં ખાદ્ય ફુગાવો ઘટીને 5.94 ટકા થયો જે જાન્યુઆરી 2025માં 7.47 ટકા હતો. બટાકાના ભાવ ગયા મહિનામાં 74.28 ટકાથી ઘટીને 27.54 ટકા થયા.

ફેબ્રુઆરીમાં ઇંધણ અને વીજ ક્ષેત્રમાં 0.71 ટકાનો ઘટાડો થયો હતો, જે જાન્યુઆરીમાં 2.78 ટકાનો ઘટાડો હતો.

---

## J&K - ENCOUNTER

જમ્મુ અને કાશ્મીરના કુપવાડા જિલ્લામાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે થયેલી અથડામણમાં એક આતંકવાદી ઠાર મરાયો છે . ગઈકાલે વહેલી સવારે અથડામણ શરૂ થઈ હતી .

સેનાના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, છુપાયેલા આતંકવાદીઓએ સુરક્ષા દળો પર ગોળીબાર કર્યો હતો, જેનો જવાબમાં એક આતંકવાદી ઠાર મરાયો

હતો અથડામણ સ્થળ પરથી એક .AK-47 રાઈફલ મળી આવી છેઅગાઉ ., કુપવાડા જિલ્લાના કુમહૂરા, ઝાચલદરા રાજવાર વિસ્તારમાં આતંકવાદીઓ છુપાયેલા હોવાની ચોક્કસ માહિતીના આધારે સુરક્ષા દળોએ કોર્ડન અને સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતુંસેનાના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ., હજુ ઓપરેશન ચાલી રહ્યું છે.

## હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે પ્રવેશ અડિએચા

આજના તમામ અખબારોએ અલગઅલગ સમચારને મુખ્યશીર્ષકમાં સ્થાન આપ્યું છેગુજરાત સમાચાર લખે છે ., શેર ઑપરેટર પર દરોડોઃ 100 કિલો સોનું, .કરોડની રોકડ જપ્ત 10નવગુજરાત સમયનું મુખ્યશીર્ષક છે, વૃદ્ધોને ગ્રીન કાર્ડ સરન્ડર કરવા ડરાવી રહેલું ટ્રમ્પ તંત્ર સંદેશે .“ભારત-ન્યૂઝિલેન્ડ વચ્ચે સીધી વિમાન સેવાની વિચારણા”ના સમાચારને મુખ્યશીર્ષક બનાવ્યું છે.દિવ્ય ભાસ્કરનું મુખ્યશીર્ષક છે, ગુજરાતના 180 ધારાસભ્યોની સંપત્તિ ત્રણ હજાર કરોડ, કર્ણાટકના 223ની સંપત્તિ સૌથી વધુ 14 હજાર કરોડ. ફૂલછાબનું મુખ્યશીર્ષક છે, અમદાવાદમાંથી મળ્યો સોનાનો ખજાનોઃ બંધ ફ્લેટમાંથી 96 કિલો સોનું જપ્ત.

નવગુજરાત સમય પહેલા પાના પર લખે છે, CAGની નિમણૂક પ્રક્રિયા ગેરબંધારણીય ઠરાવવા મુદ્દે સુપ્રીમે કેન્દ્રનો જવાબ માગ્યો.

દિવ્ય ભાસ્કર પહેલા પાના પર લખે છે, સુનિતા વિલિયમ્સ સ્પેસએક્સના ડ્રેગન સ્પેસક્રાફ્ટથી 19 માર્ચે સવારે ત્રણ વાગ્યાને 27 મિનિટે ધરતી પર પરત આવશે.